# ૪.૧૩ પ્રભુ મહાવીરના મુખ્ય – મુખ્ય સિદ્ધાંતો

## જૈન ધર્મનો ગોલ (Goal)

જૈન ધર્મ એ વૈશ્વિક ભાવનાને વરેલો ધર્મ છે. કાલજયી–સ્વતંત્ર અને સર્વ વ્યાપક એની દૃષ્ટિ છે. સામાન્યમાં સામાન્ય માણસ પશુ–પંખી પ્રાણી કે જીવ ગણને પણ દુ:ખ નહિ પહોંચાડવાનું એનું ધ્યેય છે. અને સર્વને મોક્ષમાર્ગ બતાવી–કર્મમુક્ત કરવાનો તેનો (આદર્શ) ગોલ છે. જૈન ધર્મ પ્રમાણે સમય–સમયાંતરે ૨૪ તીર્થંકરોનું શાસન પ્રવર્તતું હોય છે. જે સંપૂર્ણ રાગ–દ્વેષ મોહાદિ ભાવોથી સંપૂર્ણ મુક્ત થયાં હોય તેજ જગતને સાચો ધર્મ બતાવી શકતાં હોય છે અને સર્વ ચૈતન્યગણને હિતકારી–સુખકારી અને શ્રેયકારી સિદ્ધાંતોનું પ્રદાન કરી શકતાં હોય છે. આ જગત્ સૃષ્ટિમાં સમય સમયાંતરે ઉપ્તન્ન થતાં ૨૪ તીર્થંકરો સિદ્ધાંતોનું પ્રરૂપણ કરતાં હોય છે.

સિદ્ધાંત એટલે? કોઈપણ સંશોધન(સાધના) દ્વારા જે વસ્તુ પૂર્ણ રીતે જણાય કે પ્રગટે અને તે–તે નિયમો થકી સદાકાળ પ્રગટતી રહે તે સિદ્ધાંત દાખલા તરીકે, પાણી એટલે હાઈડ્રોજન વાયુ અને ઓક્સિજન વાયુ ($H_2O$) નું સંમિશ્રણ થાય તો જ પાણી સ્વરૂપ પ્રગટ થાય. તેવી રીતે. તીર્થંકર મહાવીરે પોતાના કેવળજ્ઞાનથી જગતના સંપૂર્ણ સ્વરૂપો અને ભાવોને જાણ્યાં પછી જે–જે સ્ત્યસ્વરૂપોનાં પ્રણેય કાળમાં ફરે નહિં એવા તે –તે ચોક્કસ નિયમોનું પ્રતિપાદન કર્યું તે સિદ્ધાંત દા.ત. આત્માની કર્મમુક્તિ સમ્યગ્ દર્શન–જ્ઞાન અને ચારિત્ર વડે જણાય છે. *જણ ઉ સિદ્ધં અત્થં અંતં ણયતીતિ તેણ સિદ્ધાંતો! સો સવ્વ પડિતં?અહિગરણે અવ્ભુવગમે ચ, યેન કારણેન પ્રમાણત: સિદ્ધમર્થમન્તં નયતિ – પ્રમાણકોટિમારોહયતીતિ તેન કારણેન સિદ્ધાન્ત ઉચ્યતે.* જે સાધનથી કે પ્રમાણથી વસ્તુતત્ત્વ સિદ્ધપણાને પામે – પ્રતિષ્ઠિતઅર્થ સંવેદન અને નિષ્ઠાને પામે તે સિદ્ધાંત. આત્માનું સંપૂર્ણ શુદ્ધસ્વરૂપ માનવભવમાંજ પ્રાપ્ત કરી શકાય છે. તે માટે યોગ–ધ્યાન ઉપશમ શ્રેણી વગેરેનાં સિદ્ધાંત બતાવી આત્માની અનંતતાનો રાજમાર્ગ પોતે અનુભવ કર્યા પછી જગતને આપ્યો છે.

જન્મ–મરણ સુખ–દુ:ખ, હર્ષ–શોક વગેરે સર્વ દ્વંદ ભાવોનો જનક પોતે બાંધેલા પોતાના જ શુભાશુભ કર્મો જવાબદાર છે અને તેનાથી મુક્ત થઈ શકાય છે. તે માટે “કર્મ–મુક્તિ”નો વિલક્ષણ–વ્યાપક સિદ્ધાંત જણાવ્યો છે. પ્રભુ મહાવીરે જગતના સર્વ આત્માને (સ્ત્રી–પુરૂષ–નપુંસકના લિંગભેદ વિના)મોક્ષ પ્રાપ્તિ થઈ શકે છે. અને તે માટે કોઈ ચોક્કસ કોમ–નાતિ–જાતિ–સંપ્રદાયનો ઈજારો આપ્યા વિના ‘સહુ કોઈ માનવ મુક્તિના અધિકારી છે’ તે વાત સ્થાપન કરી જગતના કોઈપણ જ્ઞાન એ સ્વત: અંદરથી પ્રગટે છે ઈશ્વરીશાસ્રને કે જ્ઞાનને સ્વીકાર્યું નથી. ‘આત્માથી ભિન્ન કોઈ પરમાત્મા નથી.’ તેનો આત્મા જ વીતરાગ છે. અને પોતે ધારેતો ખુદ ખુદા (તીર્થંકર) બની શકે છે. પ્રત્યેકઆત્મા બીજાઆત્માથી સ્વતંત્ર છે. એ પરમાત્મા–ઈશ્વરના અંશરૂપ નથી, અથવા કોઈ એક આત્માના અંશ:વિભાગરૂપ નથી. અર્થાત્ સામુદાયિક ચૈતન્ય સ્વરૂપ નથી સર્વને પોત–પોતાની સ્વતંત્રતા–મૌલિકતા અને વિશિષ્ટતા હોય છે તેમ કહેવા દ્વારા “સર્વ સમન્વયભાવ અને સહઅસ્તિત્વનાં સિદ્ધાંતને ગૌરવ બક્ષ્યું છે.”

જ્ઞાન દુર્લભ છે. શ્રદ્ધા થવી મુશ્કેલ છે. અને શુદ્ધ કે શુભ આચાર પાલન તો તે બંને કરતાં પણ કઠીન છે. આ ત્રણેયના સમન્વયથી જ આત્મા કેવળજ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. મુક્ત પઈ શકે છે. તેમ સિદ્ધાંત સ્થાપ્યો છે. આ સમગ્ર વિશ્વનો કર્તા કોઈ સ્વ કલ્પિત ઈશ્વર કે ભગવાન નથી કોઈ સુપરમેન કે સુપરશક્તિ પણ નથી પરંતુ આ વિશ્વનું સંચાલન સ્વયં આપમેળે છ દ્રવ્યોની જ સંઘટના થકી થાય છે. ધર્મ–અધર્મ–આકાશ–પુદ્ગલ–જીવ(આત્મા) અને કાળ આ છ દ્રવ્યોનાં પ્રકાશક પરમાત્મા છે અને છ દ્રવ્યોએ જગત વ્યવસ્થાના સંચાલક પરિબળો છે તે સ્થાપિત કર્યું. સર્વ સંપતિ/શક્તિ અને સત્તાનું મૂળ એ ધર્મ છે. અને ધર્મનું સ્વરૂપ અહિંસા – સંયમ – તપ છે અને સમ્યગ્ દર્શન–જ્ઞાન–ચારિત્રએ મોક્ષનો નેશનલ ડાયરેક્ટ હાઈવે છે. એમ પ્રતિપાદિત કર્યું છે. ઈત્યાદિ વ્યવહારિક–તાત્ત્વિક–ધાર્મિક અને અધ્યાત્મ સંબંધી અનેક અનેક સૂત્ર–સિદ્ધાંતો આગમ ગ્રંથો–ધર્મગ્રંથોમાંથી ઉપલબ્ધ થાય છે. જે એકવાર તટસ્થ બુદ્ધિથી કે શોધક બુદ્ધિથી જાણતાં પણ અનેક મૌલિક લાભો પ્રાપ્ત થાય એવું બને.

## મુખ્ય સિદ્ધાંત અહિંસાનું વિજ્ઞાન

અહિંસાનો સામાન્ય અર્થ આપણે કોઈની હિંસા ન કરવી, દુઃખ–પીડા–મારામારી કે હત્યા ન કરવી એટલો જ અર્થ કરીએ છીએ. આટલી જ અહિંસા પ્રભુ મહાવીરે નથી બતાવી. તેઓતો જણાવે છે. કે જે વ્યક્તિ સ્વાર્થી હોય, એકલ પેટભરો હોય, મલીન વિચારોવાળો હોય. બીજાને છેતરનારો કે કૂડ–કપટ–જૂઠ બોલનારો કે અનીતિ કરનારો પણ હિંસક જ છે.

જેની વિચારધારા સ્વાર્થી હોય તે માનવી અહિંસક ન બની શકે. કોઈ વ્યક્તિ દેખીતી રીતે હિંસા ન કરતી હોય પણ તેનું ચિત્ત મલીન–ગંદા વિચારોથી ખદબદતું હોય. સુખભોગલોલુપ હોય તે મનથી હિંસા જ કર્યા કરતો હોય છે. એટલે હિંસા–અહિંસાનો આધાર માત્ર સ્થૂળ ક્રિયા–કર્મ નથી. 'અશુદ્ધ ભાવ' = (રાગ–દ્વેષ–વિષય–કષાયનો ભાવ) એ જ હિંસા છે આવા જીવો બહારથી કહાચ અહિંસાની પ્રવૃત્તિ કે છાપ કરતાં હોય તો પણ તે અહિંસક બનતા નથી: અને હિંસક માનવી સદ્ગતિ કે સાચા સુખને પામી શકતો નથી.

અહિંસા એ વિચારોની= આશય શુદ્ધિ છે. અર્થાત્ ન્યાય–નીતિ અને નિષ્ઠાપૂર્વક ના ઉદ્યમથી, આત્મીયતા–વાત્સલ્ય અને નિઃસ્વાર્થપ્રેમને વહેતોરાખવાનો અલૌકિક ભાવથી અહિંસા ફળદાયી બને છે આથી વિકાસ કે ધર્મ માર્ગે પ્રગતિ ઈચ્છનારે પ્રભુ મહાવીરના મૂળભૂત સૂક્ષ્માવગ્રાહી (સૂક્ષ્મ બુદ્ધિથી જાણી શકાય તેવો) સર્વ સિદ્ધાંતોનો કેન્દ્ર સિદ્ધાંત અહિંસાનો મૂળ સિદ્ધાંત છે.

# મુખ્ય સિદ્ધાંત અનેકાંતવાદની આદર્શદૃષ્ટિ

અહિંસા એ આત્મીયતા મૂલક છે. સહ અસ્તિત્વને જણાવનારો છે. તેમ અનેકાંતવાદ એ પરમત સહિષ્ણુતા – અને સત્યના અવકાશને પ્રગટવાના હજારો રસ્તા હોય છે, તે જણાવનારો છે. 'હું કહું તે સાચુ નહિં પણ સાચું હોય તે મારું.' એ ભાવ હૃદયમાં અનેકાંત દૃષ્ટિવાળાને જ સ્પર્શે છે. કોઈપણ માન્યતા–મત–સિદ્ધાંત કે નિયમો ખોટા સર્વાંશે કોઈના નથી હોતાં તે ભૂમિકાએ રહેલાં જીવોની તે તે માન્યતાદિ તે – તે અપેક્ષાએ સાચી હોય એ અનેકાંતદૃષ્ટિ છે. જે પરસ્પરના વેર–ઝેર ઝઘડા કે વાદ–વિવાદ થતાં હોય છે. તે એકાંતદૃષ્ટિની માન્યતાનો પ્રભાવ છે. જ્યાં આગ્રહ પોષાતો હોય, અહં પુષ્ટથતો હોય, ગુરુતાગ્રન્થિ દીર્ઘ થતી હોય તે બધુ એકાંતદૃષ્ટિનું સામ્રાજ્ય ગણાય. જે બંધીયાર મન કે ચિત્તવાળા ને વધુ માફક આવતું હોય છે. અનેકાંતવાદ સર્વને આદર આપે છે. તેની વાતનો સ્વીકાર કરે છે. સત્ય દૃષ્ટિ આપે છે. પદાર્થ–વસ્તુ કે તત્ત્વને જોવાની મૂલવવાની આગવી રીતિ–નીતિ આપે છે. જેથી સમાજમાં, દેશમાં, રાષ્ટ કે વિશ્વમાં અહિંસક ક્રાંતિ અને શાંતિ સ્થપાય છે.

# મુખ્ય સિદ્ધાંત અપરિગ્રહીનો અપરિગ્રહ

ચારેબાજુથી ભેગુ કર્યા જ કરવાની વૃત્તિ કે પ્રવૃત્તિને, અથવા મળ્યાં પછી પણ છૂટે નહિં પછી તે ચીજ કિંમતી હોય કે નિર્મૂલ્ય હોય, પરંતુ આજીવ માયા–મમતા–આસક્તિ કે મોહની વ્યાપક જાળમાં ક્યાંકને ક્યાંક ફસાયેલો છે. તેથી માનવી હિંસક રહે છે. તે એકાંતિક રહેવાનો અને સ્વાર્થી પણ હોવાનો. પરંતુ તેનાથી ન તો સત્ય પામી શકાતું કે ન સુખની પ્રાપ્તિ થાય–તૃષ્ણા–અસંતોષ–અધીરાઈપણું અને અશાંતિપણાનું મૂળ પરિગ્રહની ભાવનામાં છે. જેથી જાતિ–દેશકે વિશ્વમાં ઉંચ–નીચ અને વૈર–વિરોધની વિસંવાદિતા ઉભી થવાની તે બધી સમસ્યાના નિરાકરણો પ્રભુ મહાવીરના સિદ્ધાંતો અપનાવવામાં રહેલાં છે. જો માનવી અપરિગ્રહશીલ બને તો. પોતાને મળેલું કે મેળવેલું એ બીજાને આપીને ખવડાવીને રાજી થશે.

# તીર્થંકરો સિદ્ધાંત ક્યારે જણાવે છે?

પ્રત્યેક તીર્થંકરો જ્યાં સુધી રાગ–દ્વેષ–મોહ–માયા–અજ્ઞાન–અસત્ય–પ્રમાદાદિ અઢાર દોષો જે આત્માને લાગેલાં છે. તેનાથી (મન–બુદ્ધિ–હૃદયથી) આત્મા પર અસર ન થાય તો જીવને વીતરાગ દશા પ્રાપ્ત ન થાય, સંપૂર્ણ કેવળ આત્મદર્શન–પ્રગટે નહિં ત્યાં સુધી આત્મ સાધનામાં લીન બનેલા તેઓ એક પણ ઉપદેશ–આદેશ કે સિદ્ધાંતને જણાવતાં નથી પરંતુ જેવી કૈવલ્યદશા પ્રગટે અને સર્વજ્ઞતા પ્રાપ્ત થાય એટલે ત્રણેય (ઉર્ધ્વ–અધો અને મધ્ય) લોકના સર્વભાવો – સર્વ પદાર્થોનું સર્વ સત્ય સ્વરૂપ તેમના જ્ઞાન પ્રકાશમાં ત્રણેય (ભૂત–ભાવિ અને વર્તમાન)કાળનું પ્રગટ થતું હોય છે. તે પછી જ ત્રણેય જગતની વાસ્તવિકતાને પોતે સિદ્ધાંતો = નિયમો દ્વારા માત્ર કરૂણા બુદ્ધિથી જણાવતાં હોય છે.


www.jainuniversity.org

# સિદ્ધાંત શા માટે?

સંસારી જીવની મોહદશા અને અજ્ઞાનદશા પ્રબળ હોય છે. બાહ્ય-વૈભવ-સંપત્તિ-સત્તાદિ પાછળ દોટવાળા જીવોને અનેક વિધ નુકશાનો / પીડાઓ દુ:ખો ભોગવવાં પડતાં હોય છે. તેની સામે જીવની કુદરતી શક્તિ-સંપત્તિ અને સ્વવૈભવ ના દર્શન-ખ્યાલ અપાવાવનો ઉદ્દેશ હોય છે.

આ સિદ્ધાંતો બતાવવા પાછળ, સર્વ જાતિ, સંપ્રદાય ધર્મ-દેશ-વિશ્વના નાના-મોટા (સારા-નરસાના કોઈપણ જાતના ભેદ વિના) સર્વ જીવ-જંતુઓને અભય-પ્રેમ-મૈત્રી-સ્વતંત્રતા-સુખ અને સાચો મૌલિક આનંદ પ્રાપ્ત કરાવવાનું પણ કારણ છે. કે રહસ્ય છે.

ઓછામાં ઓછી જરૂરિયાતની ચીજ-વસ્તુથી ચલાવી લેવાની વૃત્તિને અપરિગ્રહ છે. અપરિગ્રહનો ભાવ એ સંતત્ત્વપણાનો ભાવ છે. પરોપકાર અને પરમાર્થવૃત્તિને પોષવાનો ભાવ છે. જેનાથી આત્મા પુષ્ટ થાય છે. વ્યક્તિ જીવનમાં કે વિશ્વમાં પ્રવર્તતી તમામ સમસ્યાઓ કે મુશ્કેલીઓના નિરાકરણ માટે સાચા ઉપાયો - સાચા રસ્તા કે અનુભવીઓના અમૂલ્ય માર્ગદર્શનમાં પ્રભુ મહાવીરના સિદ્ધાંતોને જ સ્પર્શે છે. અને તે અહિંસા - અનેકાંત અને અપરિગ્રહના માર્ગે આવ્યા વિના વિશ્વશાંતિ કે જીવન શાંતિ નહિ મળે.

## મુખ્ય મુખ્ય સિદ્ધાંતો

પ્રભુ મહાવીરના મુખ્ય - મુખ્ય સિદ્ધાંતો નાના-મોટા અનેક પ્રકારના છે.

૧) 'જીવો અને જીવવા દો'ના સૂત્ર દ્વારા 'કોઈ પણ જીવની હિંસાન કરવી' અહિંસાનું પાલન કરવું.

૨) ંતમને મળેલી શક્તિ / સંપત્તિ વગેરે આપીને રાજી થાઓ દ્વારા અપરિગ્રહભાવને સ્વીકારો.

૩) દરેક વસ્તુના અનેક સ્વરૂપો છે તથા અનંત ધર્મો છે. અને તે તેની અપેક્ષાએ સાચા છે. એ રીતે કહેવા દ્વારા સ્યાદ્વાદ = અનેકાંતવાદનો સિદ્ધાંત સર્વ પ્રથમવાર તીર્થંકર મહાવીરે આપ્યો છે.

૪) જગતનો પ્રત્યેક આત્મા, બધાનો એક સરખો છે. કોઈ ઉંચ-નીચ, નાનો-મોટો નથી. સર્વને સુખ દુ:ખની અનુભૂતિ સરખી થાય છે. એ રીતે જણાવવા દ્વારા સહઅસ્તિત્વનો વૈશ્વિક સિદ્ધાંત પ્રભુએ વહેતો કર્યો છે.

ત્રણેય કાળમાં અફર અને શાશ્વત સિદ્ધાંતોને બતાવ્યા પછી સિદ્ધાંતોના સૌંદર્યને ગ્રંથમાં જ પૂરી ન રાખતા વ્યવહાર જીવનનું સૌંદર્ય બનાવવા માટે નાના સૂત્રો અનેક રીતે ઉપયોગી થઈ પડે તેમ અંગત શિખામણ કે સલાહના સ્વરૂપે બતાવ્યાં છે. આ વાતને સરળતાથી રજૂ કરી છે.

૧) સુખ-દુ:ખ અંગે સ્વભાવ-ચિંતન અને રૂચિ-રસ અલગ થવાથી મૈત્રી તૂટે છે અભાવ-અનાદર પ્રગટે છે. તેથી અન્ય જીવને બીજો ન સમજવો દરેકમાં આત્મત્વ એક સરખું છે. સુખ-દુ:ખ સમાન હોય છે.

૨) અહંકાર-દંભના કપડાં ઉતારી નાંખો. યથાર્થ સત્યના દર્શન થશે. કર્તૃત્વપણાને છોડી દો.

૩) સમન્વયવાદી અને સહઅસ્તિત્વની વાતનો સ્વીકાર કરતાં જાઓ. જીવન મધુરું લાગશે.

૪) નીતિમય-નિષ્ઠામય અને નિરાભિમાન પણે જીવન જીવવાનો સંકલ્પ પૂર્વક પ્રયત્ન કરો. સ્વચ્છ બનશો.

૫) અન્યને એકવાર શાંતિથી સાંભળો–સમજવાનો પ્રયત્ન કરો ને ખંડન ન કરો. (ઉદારતા કેળવાશે.)

૬) સત્યની સાપેક્ષતા વિચારો – એક વિચાર કે વર્તન અન્ય વિચારો કે વર્તનથી સાપેક્ષ થઈને સત્ય બને છે. (સંઘર્ષ ઘટી જશે.)

૭) સ્વ પ્રશંસા અને અન્યની પારકા નિંદા–ટીકા કરવામાં ઉતરી ન પડો. (તમે સમ્માનનીય બનશો)

૮) કોઈ પણ જીવનો વધ ન કરો અને દુ:ખી ન કરશો. (જીવનમાં અભય – નિરોગી પણું મળશે.)

૯) કોઈ પણ સાથે વૈરવિરોધ કે વાદવિવાદમાં ન પડશો. (ચિત્ત તંદુરસ્ત રહેશે.)

૧૦) સહુને પ્રેમ–કરુણા–વાત્સલ્ય કે હળવું સ્મિત આપી આત્મીયતા વ્યક્ત કરો. આનંદ મળશે.

૧૧) વિષય–વિકારો કે વાસના પેદા થાય તેવી વ્યક્તિ –સ્થાન અને સમયને છોડીદો, (પવિત્ર વચન–સિદ્ધ બનશો.)

૧૨) હિંસાથી કે જૂઠથી દંભી જીંદગી ન બનાવો (મહાનતા પ્રગટ થશે.)

૧૩) આક્રમક ન બનો. શિકાર ન કરો અને માંસાહાર ન કરો–(અનેકાનેક તકલીફો (પ્રોબલેમ)થી બચી જશો.)

૧૪) દેહ – પરિવાર અને પૈસા પાછળ પેદા થતાં મમત્વ કે અંધત્વને ઘટાડી દો. (અંતરદષ્ટિ ખુલશે.)

૧૫) ઉપભોગને બદલે ઉપયોગ સદુપયોગ કરો: યોગવંત બનશો. ઉપભોગથી શાંતિ વધે છે. ઉપયોગથી સ્વસ્થ રહેવાય છે. પણ યોગી બનવાથી સ્વચ્છ રહેવાય છે.

૧૬) માણસ પોતાના કર્મથી જ સુખ–દુ:ખ પામે છે. અન્ય નિમિત્તમાત્ર હોય છે. નિમિત્તને દોષી ન માનો.

૧૭) બીજા ઉપર માલીકી ન જમાવો, (સાચા અર્થમાં સ્વતંત્ર બનશો.)

૧૮) ધર્મ(સ્વધર્મ, સદ્ધર્મ અને આત્મધર્મ) જ સર્વાધિક શક્તિશાળી – કલ્યાણકારી અને આનંદકારી છે. (પોતાની યોગ્ય ફરજો ન ચૂકો.)

૧૯) ધર્માનુશાસન, આત્માનુશાસનથી જ પ્રાપ્ત થાય છે અને પછી બીજા શાસનોની જરૂરીયાત રહેતી નથી. તેથી સ્વમાનસ અને લોકમાનસને સમજો.

૨૦) દષ્ટિવંત (આત્મચિંતા એ જ સાચી ચિંતા અને ચિંતન છે.) બનો.

૨૧) “સ્વમાં વસ, પરથી ખસ, એટલુ બસ” – (સર્વ સિદ્ધાંત અને ઉપદેશનો સાર છે.)

જે સિદ્ધાંતો પાછળ પ્રેમ–કરુણા–આત્મીયતા–પરસ્પરમૈત્રીદ્વારા–ચિત્તશુદ્ધિ અને ચિત્તશાંતિ પ્રાપ્તથતી હોય, સંયમ – સત્ય– સંતોષ– સાદાઈ વગેરે દ્વારા જીવનભર પ્રસન્નતા–આનંદ–હળવાશ અને સ્વતંત્રતા કે મુક્તિની અનુભૂતિ થઈ શકતી હોય. તે કેવળજ્ઞાની તીર્થંકરોને, આત્મસિદ્ધ અને આત્મપ્રત્યક્ષ, જગત હિતકારક સિદ્ધાંતો છે અને તેનું સેવન કે અનુસેવન એ માનવજીવનનું મૌલિક એવરેસ્ટ ચડાણ ચડ્યાં બરાબર કહેવાય.